

# સત્સંગ બાલવાટિકા

સંપાદક : શાસ્ત્રી હરિકેશવદાસજી
(ગાંધીનગર)

## આપણાં અગીયાર નિયમો
- શાસ્ત્રી હરિપ્રિયદાસ (ગાંધીનગર)

(ગતાંકથી ચાલુ)

વ્હાલા ભક્તો ! સંપ્રદાયના આશ્રિત માત્ર દરરોજ સાંજની પ્રાર્થનામાં જે પદ ગાય છે તે નિર્વિકલ્પ ઉત્તમ અતિ એ પદમાં પ્રેમાનંદ સ્વામીએ વર્ણવેલ અગિયાર નિયમો વિશે વિસ્તારથી સમજી રહ્યા છીએ. સાત નિયમો સુધીની વાત અત્યાર સુધી વાંચી તો હવે આ લેખમાં આપણે વાંચીશું આઠમાં નિયમ વિશે...

**કલંક ન કોઈકું લગાત :**

આ આઠમો નિયમ નિર્વિકલ્પ ઉત્તમ અતિ. એ પદમાં પ્રેમાનંદ સ્વામીએ ગુંથ્યો જે બહુ સમજવા જેવો છે. આ આઠમો નિયમ એ વાણીથી થતાં પાપનો છે. સ્વામિનારાયણ ભગવાન સ્વયં વાણીથી થતાં પાપો નહિ કરવાની સૂચના આપે છે. શરીરથી જ પાપ થાય છે એવું નથી. વાણીથી પણ પાપ થાય છે. ખરાબ અને ખોટી વાણી વાપરો તો એ વાણીનું પાપ થાય છે. સ્વાર્થની વાત હોય કે ન હોય જે વાત તમે જાણતા ન હો, એમાં અંદાજ-અડસટ્ટો લગાવીને કોઈના ઉપર જો મિથ્યા કલંકનું આરોપણ કરશો તો પંચમહાપાપ કરતાં પણ ભયંકર પાપ લાગશે.

પંચ મહાપાપનું પ્રાયશ્ચિત શાસ્ત્રમાં લખ્યું છે પણ કોઈના ઉપર ખોટું કલંક મુકે તેનું તો ક્યાંય પ્રાયશ્ચિત લખ્યું નથી. મિથ્યા કલંક બહુ ભયંકર પાપ છે. કોઈના ઉપર અજાણતાંય ખોટી રીતે આક્ષેપ મુકશો તો જ્યાંથી ને ત્યાંથી પાપ આવીને વળગશે.

સંતપરંપરામાં આપણા સંતો એક દૃષ્ટાંત આપતા આવ્યા છે જે મિથ્યાં કલંક ને સમજવા માટે ઉપયોગી થાય તેવું છે. વાત જાણે એમ છે... ચાર બ્રાહ્મણો કાશીથી ભણીને પાછાં આવતા હતા. સારા પંડિત થયેલા. એ જમાનો હતો કોઈ બ્રાહ્મણ આવતા હોય તો ગમે તે માણસ પૂછે કે આવો મહારાજ ! ભોજન કરવા અમારે ઘેર પધારો. ગામના કોઈ સદ્‌ગૃહસ્થ ગામની બહાર ફરતા હતા. અને આ ચાર બ્રાહ્મણને જોયા. કઈ બાજુથી મહારાજ ? કાશીથી ભણીને આવીએ છીએ. બહુ સારું. રાતવાસો અહીં રહી જાઓ. મારૂં ભોજન સ્વીકારો. યાત્રિક બ્રાહ્મણોએ તળાવની પાળે રાતવાસો રહેવાનું નક્કી કર્યું.

સદ્‌ગૃહસ્થના ઘરેથી સીધું આવ્યું. તળાવની પાળે રાંધ્યું. ચારેય જણા જમ્યા. પછી ચારેચારનાં ત્યાં જ મૃત્યુ થઈ ગયાં. યમરાજાને ત્યાં હિસાબ બહુ ચોખ્ખો. લગીર પણ ગરબડ ન ચાલે. એકએક જીવનો કર્મ, મૃત્યુ, શિક્ષાનો ચોખ્ખો હિસાબ. ચાર બ્રહ્મહત્યાઓ અણધારી-ઓચિંતી થઈ ગઈ. યમરાજાએ તાત્કાલિક તપાસ આદરી. પેલા સદ્‌ગૃહસ્થએ એમને સીધું આપ્યું એનું કોઈ પાપ નથી, એનો કોઈ દોષ નથી. જે વૃક્ષ નીચે એમણે રસોઈ તૈયાર કરી એ વૃક્ષ ઉપર એક સમળી સર્પને લઈને બેઠેલી. સર્પ તો મરી ગયેલો પણ એના મોઢાની કોથળીમાંથી ઝેર નીચે રસોઈના પાત્રમાં પડતું હતું. સમળી એનું કાર્ય કરતી હતી. ચાર બ્રાહ્મણને આ બાબતની ખબર નહોતી. તેઓએ અજાણતાં ઝેરી ભોજન કરેલું. હવે આ ચાર બ્રહ્મહત્યા કોના માથે ચોંટાડવી ? કોના ખાતે લખવી ? ચાર બ્રાહ્મણના અકાળે મૃત્યુ થયાં. આ પાપ કોના માથે નાંખવું ? યમરાજા જેવા યમરાજ મુંઝાઈ ગયા.

મુંઝાઈ ગયેલા યમરાજા ભોળાનાથની ઘંટડી ખખડાવે છે. મહાદેવજીને કહે છે : પરિસ્થિતિ બહુ વિકટ બની છે. ચાર બ્રહ્મહત્યાઓનું પાપ કોના ખાતે લખવું ? એક મચ્છર મરી ગયો હોય તો ઠીક છે. જ્યાં ત્યાં લખી નાંખીએ. પણ આ ચાર બ્રહ્મહત્યા થઈ છે તેનું શું કરવું ? મહાદેવજી કહે છે, એમાં શું ? ચાલોને આપણે ભગવાન વિષ્ણુ પાસે.

પરમાત્મા, મહાદેવજી અને યમરાજ ત્રણે ભેગા થયા. શું કરીશું ? પ્રભુ કહે છે, ચાલો સ્થળ ઉપર જાત તપાસ માટે જઈએ. મનુષ્ય જેવું રૂપ લઈ આ ત્રણે દેવો ધરતી ઉપર આવ્યા. ચારે મૃતદેહોને સ્મશાનમાં લઈ

ગયેલા. અગ્નિ સંસ્કાર ચાલુ થઈ ગયો હતો. પ્રભુ, મહાદેવજી અને યમરાજ સ્મશાનમાં આંટા મારે છે. એક બાજુ સ્મશાનમાં અગ્નિસંસ્કાર વિધિ ચાલે છે. અને આડા અવળાં ટોળાં વળીને બેઠા બેઠા અનેક માણસો આડી-અવળી વાતો કરતા હતા. એ વાતોમાં ધ્યાન આપતાં આપતાં છેક છેડે પહોંચ્યા. ત્યાં બે જણાં બેઠા હતા. એક જણ કહે છે, ખબર છે તમને એ ગૃહસ્થ એવો જ છે. બીજાએ પૂછ્યું, કેમ શું થયું ? ત્યારે કહે, એ તમને ખબર ન પડે. કાંઈક અણબનાવ હશે આ બ્રાહ્મણો સાથે. એટલે બિચારાને સીધામાં ઝેર ભેળવીને આપી દીધેલું. એટલે આ બાપડા ચાર બ્રાહ્મણો મરી ગયા. આપણે કાંઈ બોલાય છે ? પણ એના જ કારસ્તાન છે. એ તો છે જ એવો. એ તો હું જ જાણું, તમે ન જાણો. એમની વાણી સાંભળી ત્રણેય દેવો સ્મશાનમાંથી બહાર આવ્યા. પ્રભુએ યમરાજને કહ્યું કે એ પાપીના ખાતે ચાર બ્રહ્મહત્યા લખી નાંખો.

મિથ્યા કલંક આનું નામ. એને ખબર નથી કે ચારનાં મૃત્યુ કેવી રીતે થયાં ? એ ચારના મૃત્યુ થયાં એમાં જવાબદાર કોણ ? એ તો એ જાણતો નથી, કારણ શું છે તે એને ખબર નથી પણ સીધું આપનારા ઉપર તેણે ખોટું કલંક લગાવ્યું એટલે ચાર બ્રહ્મહત્યાનું પાપ એના ઉપર લાગ્યું. જે વાત તમે જાણતા ન હો, જે વાતની તમને ખબર ન હોય તેવી બાબતો વિશે બોલવું નહીં. એમાં ક્યારેક પાપના ભાગીદાર બની જવાય છે. લેવા દેવા વગર પાપ આપણા શિરે આવી પડે છે. કોઈ પણ સમયે ક્યારે પણ કોઈના ઉપર ખોટું કલંક મુકવું નહી. વાણી અને પાણી ગાળીને જ વાપરવાં. પાણી વસ્ત્રથી ગળાય છે અને વાણી વિચારથી ગળાય છે. વિચાર્યા વગરની વાણી બોલીએ તો મહાન પાપ લાગે છે.

વ્હાલા ભક્તો ! એ વાત આપણને નિત્ય યાદ રહે કે ક્યારે પણ કોઈના ઉપર કલંક લગાડવું નહી. નાની લાગતી આ વાત ખૂબજ જરૂરી છે. રોજ-બરોજની જીવન શૈલીમાં અરે ઘરઘરમાં પણ જો ધ્યાન ન રાખો તો નાની લગતી આ વાત મોટા કુસંપ-ઝઘડાઓ, મતભેદો કરાવી નાંખે છે.

માટે જ પ્રેમાનંદ સ્વામીએ નિર્વિકલ્પ.... એ પદમાં આશ્રિતજનો માટે પાળવાનાં મુખ્ય અગિયાર નિયમોમાં ''કલંક ન કોઈ કું લગાત'' એનો સમાવેશ કર્યો છે.

(ક્રમશઃ)

●

## દયાના સાગર શ્રીહરિ

- સાધુ શ્રીરંગદાસ (ગાંધીનગર)

એકવાર શ્રીજી મહારાજ સંતો સાથે અમદાવાદમાં પધાર્યા. અમદાવાદના હરિભક્તોના પ્રેમાગ્રહને વશ થઈ હુતાશનીનો સમૈયો કરવા પધાર્યા હતા. તે સમૈયામાં સંતો, બ્રહ્મચારીઓ તથા અનેક ગામો-ગામથી હરિભક્તો હજારોની સંખ્યામાં ભેગા થયા હતા. એમાં એક સોની પોતાના દીકરાને મહારાજનાં દર્શન કરાવવા તથા સમૈયાનો આનંદ માણવા સાથે લઈ આવ્યો. દીકરો નાની ઉંમરનો તેથી આંગળીએ વળગાડી મંદિરના દરવાજે આવ્યા. દરવાજામાં આવતા અતિ ભીડના કારણે છોકરો હાથમાંથી છૂટી ગયો અને એ વખતે દરવાજાની બહાર કોઈ ચોર એ છોકરાને લઈ ગયા અને મંદિરથી આથમણી દિશામાં ઉજ્જડ જગ્યા હતી. એમાં થોડા પથ્થર અને ઘાસ બધું પડ્યું હતું. ત્યાં લઈ જઈ છોકરાને ગળે ટુંપો દઈને મારી નાંખ્યો અને એની પાસે બસો રૂપિયાના દાગીના હતા તે લઈને ચોર ભાગી ગયા. આ બાજુ સોની પોતાના દીકરાને શોધવા માંડ્યો પણ ન જડ્યો. એ રડતો રડતો મહારાજ પાસે આવ્યો. અને સર્વ વાત કરી.

મહારાજે તે સોનીને છાનો રાખીને કહ્યું, જો ભાઈ તારો દીકરો મળશે. પણ ઘરેણા નહિ મળે. એમ કહીને મહારાજે ભગુજીને કહ્યું કે મશાલ લઈ અને પેલી ઉજ્જડ જગ્યામાં જાઓ. ભગુજી મશાલ લઈને ત્યાં પહોંચ્યા અને છોકરાને મરેલો જોઈને પાછા આવીને કહ્યું, હે મહારાજ ! છોકરાનું તો મોત થઈ ગયું છે. શ્રીજી મહારાજ કહે, એ તો એને મૂર્છા આવી હશે. માટે અહીં લાવો. તો એ છોકરાના શબને ઉપાડીને લાવ્યા. તેના બાપને સોંપીને કહ્યું કે આને કપડામાં ઢાંકીને સૂવડાવી દો. સવારે બોલશે. અને સોનીએ એ પ્રમાણે કર્યું અને સવારે છોકરો સજીવન થઈને બોલતો થયો. આ રીતે શ્રીજી મહારાજે પોતાના ભક્તની રક્ષા કરી.

મિત્રો ! ભગવાન ભક્તવત્સલ છે. સદાય રક્ષા કરે છે પણ સાવધાની રાખવામાં ક્યારેય પણ આળસ ન કરવી. જો પિતાનો હાથ છૂટી ગયો તો ચોર ઉપાડી ગયા. તેમ જો ભગવાનનો આશ્રય છૂટી જશે. ભગવાનના ચરણથી જો દૂર ગયા તો આ જગતમાં કામ, ક્રોધ, લોભ, મોહ, ઈર્ષ્યા વગેરે અગણિત ચોર ફરે છે. એમાં આપણે ક્યાંક કોઈકના શિકાર બની જવાય. માટે ભગવાન દયાળુ છે. જો આપણે ભગવાનનો હાથ (આશરો) નહિ છોડીએ તો આપણી સમગ્ર ચિંતા ભગવાન કરશે. ભગવાને આપેલાં વરદાન મુજબ આપણને ક્યારેય અન્ન વસ્ત્રથી દુઃખી થવા નહી દે અને અંતે પોતાના ધામમાં લઈ જશે.